દાખલ તારીખ : ૨૦/૦૩/૧૫
રજી.કર્યા તારીખ : ૨૦/૦૩/૧૫
નિકાલ તારીખ : ૦૭/૧૧/૨૪
**સમય : વર્ષ –માસ–દિવસ**

## ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા

**રેફરન્સ (ટી.) નંબર –૨૨/૨૦૧૫**
**આંક : ૩૫**

**પ્રથમ પક્ષકાર : –** (૧) મે.કોન્ટ્રાકટરશ્રી,
હરીઓમ એન્ટરપ્રાઈઝ,રૂબામીન લી.,
રીંકી ચોકડી સામે,મુ.તા.હાલોલ,જી.પંચમહાલ.

(૨) મે.મેનેજરશ્રી,
રૂબામીન લી. રીંકી ચોકડી સામે,
મુ.તા.હાલોલ,જી.પંચમહાલ.

**– :: વિરુઘ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી બળદેવસિંહ રયજીભાઈ પરમાર
મુ.મોટી શામળદેવી ભકિતનગર,
પો.ડેરોલ સ્ટેશન,તા.કાલોલ,જી.પંચમહાલ.
C/O અખિલ ગુજરાત જનરલ મજદુર સંઘ
ડી–૭૭,ક્રિષ્ણા કોમ્પલેક્ષ,બોરસદ ચોકડી પાસે,આણંદ.

**પ્રતિનિધિત્વ :–**
પ્રથમ પક્ષકારનં.૧ તરફે :–વિ.વકીલશ્રી એ.એસ.પરીખ
પ્રથમ પક્ષકારનં.૨ તરફે :– વિ.વકીલશ્રી કે.એચ.પટેલ
બીજા પક્ષકાર તરફે :– વિ.પ્રતિનિધિશ્રી વી.કે.કાઝી

**વિષય :–ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.૧૬/૦૩/૨૦૧૫ ના હુકમ નંબર–કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./

૨૦૯૩ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુંસુચિ નીચે મુજબ છે.

**– :: અનુંસુચિ :: –**

**શ્રી બળદેવસિંહ રચજીભાઈ પરમારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?**

(૨) આ કામના બીજા પક્ષકાર ધ્વારા **આંક–૦૪** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે,પ્રથમ પક્ષકાર સંસ્થામાં માણસોની જરૂર હોઈ તેવુ બોર્ડ લગાવેલ હોઈ અમો કંપનીમાં મળવા ગયેલા જયાં બાયોડેટા લઈ પ્રથમ પક્ષકાર સંસ્થાના મેનેજરશ્રીએ નોકરીમાં રાખેલ અને અમોને તા.૧૯/૦૪/૧૯૯૫ થી ફરજ પર હાજર કરી અમારૂ નામ સંસ્થામાં ચાલતા કોન્ટ્રાકટરશ્રી જયેન્દ્ર એચ.પંડયાના ચોપડે લખેલ.બાદ સંસ્થામાં યુનીયન થતા નાયબ શ્રમ આયુકતશ્રી કે.ઓ.શાહ સાહેબની દરમ્યાનગીરી બાદ અમારી નોકરી સળંગ ગણી મુળ જગ્યાએ નવા આવનાર કોન્ટ્રાકટમાં રાખવાનુ નકકી કરી અમોને તા.૦૧ /૦૪/૨૦૧૧ ના રોજથી નવા આવનાર કોન્ટ્રાકટરશ્રી હરીઓમ એન્ટરપ્રાઈઝ ધ્વારા કામ કરાવવામાં આવતુ હતુ. અમો છેલ્લે પ્રથમ પક્ષકારનં.૨ સંસ્થાના ઝીંક પ્લાન્ટ ખાતામાં ઓપરેટરના હોદ્દાથી દૈનિક રૂા.૩૫૩/–ના પગારથી ફરજો બજાવતા હતા. આ કામના પ્રથમ પક્ષકારનં.૨ કંપનીમાં કામ કરતા લગભગ ૮૦ થી ૮૫ % કામદારો કોન્ટ્રાકટ લેબર તરીકે કામ કરે છે. આ કોન્ટ્રાકટ લેબર પ્રથા આભાસી માત્ર કાગળ પર ઉભી કરેલ છે.આવા કોન્ટ્રાકટર ધ્વારા રજીસ્ટ્રેશન પ્રમાણ પત્ર મેળવેલ નથી કે કોઈ લાયસન્સ ધરાવતા નથી. અમારી ભરતી અને સીલેકશન પણ રૂબામીનના અધીકારી ધ્વારા કરવામાં આવેલ છે. બાદ અમારૂ નામ કોન્ટ્રાકટરના નામ પર ચઢાવી દેવામાં આવેલ છે. અમારૂ સુપરવીઝન તથા અમારી કામગીરી રૂબામીન કંપની ધ્વારા સોંપવામાં આવે છે. અમારા કોન્ટ્રાકટર બદલાતા રહે છે જેમા અમોને કોઈ છુટા કરતા નથી કે નિમણુંક પત્ર આપતા નથી. અમોને પગાર પણ પ્રથમ પક્ષકારનં.૨ રૂબામીન કંપની ધ્વારા આપવામાં આવતો હતો તેમજ અમારો પી.એફ.પણ પ્રથમ પક્ષકારનં.૨ કંપનીના પી.એફ. કોડવાળા એકાઉન્ટમાં જમા કરાવવામાં આવતો હતો.બાદ કામદારના યુનીયન અને કંપની વચ્ચે પી.એફ. ના પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણા થયેલ અને આ બાબતે સાનુંકુળ પગલા લેવાના બદલે અમોને રૂબામીનના સાહેબે તા.૦૧/૦૧/૨૦૧૫ ના રોજથી મૌખિક હુકમથી કોઈ પણ નોટીસ,નોટીસ પગાર કે છટણી વળતર આપ્યા વગર છુટા કરી દીધેલ છે. અમો જે કામગીરી કરતા હાલ તે ચાલુ છે અને અમારી જગ્યાએ નવા કામદારને રાખેલ છે અમોને છુટા કર્યા બાદ અમોએ બીજે નોકરી મેળવવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ નોકરી મળેલ નથી અને અમો હાલમાં પણ બેકાર છીએ.પ્રથમ પક્ષકાર સંસ્થા અમોને નોકરીમાં રાખે તો અમો જવા તૈયાર છીએ જેથી હાલનો રેફરન્સ કરેલ છે જેમાં તેઓ

દવારા બીજા પક્ષકારને છુટા કરેલ ત્યારથી પડેલ દિવસોના પગાર સાથે મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનસ્થાપીત કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારનં.૧ ને નોટીસ બજતા તેઓ દવારા વકીલશ્રી મારફત હાજર થઈને આંક–૦૭ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ દવારા બીજા પક્ષકારના માંગણા નિવેદનમાં જણાવેલ પૈકી સ્પસ્ટપણે સ્વીકારેલ સીવાયની તમામ બાબતો ઈન્કાર કરેલ છે,વધુમાં જણાવામાં આવેલ છે કે, અમો લેબર સપ્લાય કરવાના વ્યવસાયમાં સંકળાયેલ છે અને અમોને રૂબામીન કંપની દ્વારા લેબર સપ્લાય કરવાનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ જે બાબતેનુ લાયસન્સ ફોમનં.૫ ના આધારે અમોને ઈસ્યુ કરવામાં આવેલ છે. પ્રોવીડન્ટ ફંડ એકટ–૧૯૫૨ હેઠળ પી.એફ. ઓથોરીટી દ્વારા જારી કરવામાં આવેલ નિયમોનુસાર પી.એફ. ખાતા ધારક કામદારો દ્વારા KYC ની વિગતો પી.એફ. ખાતાને પુરી પાડવાની જરૂરીયાત હોઈ કામદારો પાસે બેંક એકાઉન્ટ નંબર તથા જરૂરી વિગતો આપવાની જાણ કરવામાં આવેલ હતી. આમ, કાયદાકીય જરૂરીયાત પુરી કરવી તે કામદારની જવાબદારી હોવા છતાં કામાદરો દ્વારા ગેરકાયદેસર વલણ અકત્યાર કરી KYC ની કોઈ વિગતો પુરી પાડવામાં આવેલ નહી જેથી કામદારો ના સમુહને તથા વ્યકિતગત રીતે કામદારોને KYC ની વિગતો પુરી પાડવા માટે જાણ કરવામાં આવેલ હતી આ સિવાય સંસ્થા દ્વારા તા.૧૮/૦૯/૨૦૧૪ ના રોજ નોટીસ પ્રર્દશીત કરવામાં આવેલ હતી અને આ બાબતે કંપની દ્વારા તા.૦૬/૦૯/૨૦૧૪ ના રોજ અમો કોન્ટ્રાકટરને KYC ની કામગીરી પૂર્ણ કરવા પત્ર આપવામાં આવેલ હતો. તેમજ પ્રથમ પક્ષકારનં.૨ કંપની દ્વારા પણ KYC ની જોગવાઈઓનુ પાલન કરવા માટેની નોટીસ નોટીસ બોર્ડ પર પ્રર્દશીત કરવામાં આવેલ તેમ છતાં કામદારો દ્વારા આવી કોઈ માહીતી પુરી પાડવામાં આવેલ નહી.બાદ કામદારોનુ પ્રનિધિત્વ કરતા અખિલ ગુજરાત મઝદુર સંઘના પ્રતિનિધિ તથા કામદારો સાથે તા.૩૦/૦૯/૨૦૧૪ ના રોજ મીટીંગ કરવામાં આવેલ તેમ છતાં કામદારો દ્વારા KYC ની જોગવાઈનુ પાલન કરેલ નહી. જેથી પ્રથમ પક્ષકારનં.૨ કંપની દ્વારા પી.એફ. ખાતાને તા.૨૦/૦૯/૨૦૧૪ ના રોજ પત્ર લખેલ જેની નકલ મદદનીશ શ્રમ આયુકત ગોધરા ને સુપરત કરેલ હતી. બાદમાં ફરીથી તા.૧૭/૧૦/૨૦૧૪ ના રોજ કામદારોના યુનીયન સાથે KYC નુ પાલન કરવા માટે મીટીંગ કરેલ હતી.જેમા KYC ની કાયદાકીય જરૂરીયાત અને તેની પુર્તતા ન કરવા અંગે ઉપસ્થિત થતી પરીસ્થિતી અંગે માહીતી આપવામાં આવેલ હતી. બાદ તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ કામદાર જોગ નોટીસ મુકવામાં આવેલ હતી કે KYC નુ પાલન ન કરવામાં આવે તો કામદારોને ફરજ પર હાજર થવા દેવામાં આવશે નહી.બાદ તા.૦૧/૦૧/૨૦૧૫ ના રોજ કામદારોને વ્યકિતગત રીતે નોટીસ રજીસ્ટર કરી KYC ના પાલનની તથા ફરજ પર હાજર થવાની જાણ કરેલ જે રજીસ્ટર એ.ડી. પત્રો અસ્વિકૃત થઈ પરત આવેલ હતા.બાદ તા.૧૭/૦૧/૨૦૧૫ તથા તા.૩૧/૦૧/૨૦૧૫ ના રોજ

કામદારોને ફરીથી રજીસ્ટર એ.ડી.થી KYC નું પાલન કરવા તેમજ ફરજમાં હાજર થવા પત્ર કરેલ હતા જે અસ્વિકૃત થઈને પરત આવેલ છે.આમ સંસ્થા ધ્વારા કામદારોને છુટા કરવામાં આવેલ નથી પરંતુ તેઓ પી.એફ.ના કાયદાની તેમજ KYC ની જોગવાઈનુ પાલન નહી કરવાના બદઈરાદા સાથે ફરજ પર આવતા જાતે બંધ થઈ ગયેલ છે.ભારતીય સંવિધાન મુજબ તમામ કાયદાનુ પાલન કરવુ તમામ નાગરીકોની ફરજ છે તેથી પી.એફ.ના કાયદાનો તથા તેની જોગવાઈનો અમલ કરવો કે નહી તે કામદારની મનસુફીનો પ્રશ્ન નથી આ બાબતે કામદાર જોગવાઈનુ પાલન કરશે નહી તેવો આગ્રહ રાખી શકે નહી.આ કામના બીજા પક્ષકાર અદાલત સમક્ષ સ્વચ્છ હાથે આવેલ નથી અને તેવો ધ્વારા પોતાના માંગણા નિવેદનમાં KYC ની આવશ્યક જોગવાઈનુ પાલન નહી કરવાની હકીકતો છુપાવેલ છે જે સંજોગોમાં બીજા પક્ષકાર માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર થતા ના હોય રેફરન્સ નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના પ્રથમ પક્ષકારનં.ર ને નોટીસ બજતા તેઓ દવારા વકીલશ્રી મારફત હાજર થઈ ને આંક–૦૮ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ દવારા બીજા પક્ષકારના માંગણા નિવેદનમાં જણાવેલ પૈકી સ્પસ્ટપણે સ્વીકારેલ સીવાયની તમામ બાબતો ઈન્કાર કરેલ છે,વધુમાં જણાવામાં આવેલ છે કે,કામદાર અને કંપની વચ્ચે માલીક અને નોકરનો કોઈજ સંબધ પ્રસ્થાપીત થયેલ નથી.કામદારની નિમણુંક તેમના કોન્ટ્રાકટર /માલીક જે હાલના કામના પ્રથમ પક્ષકારનં.ર છે અને સદરહુ કોન્ટ્રાકટર ધ્વારા નિયકુત કરવામાં આવેલા. કંપની ધી કોન્ટ્રાકટ લેબર એકટ અન્વયેનુ નિયત નિર્ધારીત લાયસન્સ ધરાવે છે અને સંબધીત કોન્ટ્રાકટર અને કંપની વચ્ચે કોન્ટ્રાકટ એગ્રીમેન્ટ તેમા જણાવેલા શરતોને આધીન કરવામાં આવેલ.સદરહુ કોન્ટ્રાકટ અનુસાર સંબધીત કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ એકટ હેઠળ ફોર્મનં.પ આપેથી સમુચીત સક્ષમ અધિકારી ધ્વારા લાયસન્સ આપવામાં આવેલ અને સદરહુ લાયસન્સ અનુસાર કોન્ટ્રાકટરને કંપની ધ્વારા આપેલ કોન્ટ્રાકટ પરત્વે સદરહુ કામદારને નિયુકત કરી કોન્ટ્રાકટચુઅલ શરતો પરીપૂર્ણ કરવા કંપનીમાં પુન:નિયુકત કરવામાં આવેલ. કામદારને પગારી વેતન ઉકત કોન્ટ્રાકટર ધ્વારા લાગુ પડતા મજુર કાયદા અનુસાર ચુકવવામાં આવતા હતા તેમજ કોન્ટ્રાકટરથી ફરજ પરની હાજરી પણ તેમના હાજરી રજીસ્ટરમાં ભરવામાં આવતી હતી.આમ કંપની અને કામદાર વચ્ચે માલીક/નોકરનો સંબધ પ્રસ્થાપિત થયેલ ન હોઈ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામના બીજા પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **અનું નં..** | **મૌખીક પુરાવો..** | **આંક.** |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકાર બળદેવસિંહ રઈજીભાઈ પરમારની– સોગંદનામાં પરની જુબાની.. | ૧૨ |

| અનું નં.. | દસ્તાવેજી પુરાવો.. | આંક.. |
|---|---|---|
| (૧) | અગાઉના કોન્ટ્રાકટર ધ્વારા આપવામાં આવેલ ઓળખકાર્ડની નકલ. | નિ.૧૧/૧ |
| (૨) | પી.એફ.ની સ્લીપ. | નિ.૧૧/૨ |
| (૩) | પી.એફ.ની સ્લીપ. | નિ.૧૧/૩ |
| (૪) | ઈ.એસ.આઈ. ના કાર્ડની નકલ. | નિ.૧૧/૪ |
| (૫) | પ્રથમ પક્ષકારનં.૧ ધ્વારા કામ પર હાજર થવાની પુરસીસ આપેલ તેના અનુસંધાને યુનીયને વિગત માંગવા પત્ર વ્યવહાર કરેલ તેની ઓફીસ કોપીની નકલ. | નિ.૧૧/૫ |
| (૬) | સંસ્થાને પત્ર મળી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ. | નિ.૧૧/૬ |
| (૭) | પ્રથમ પક્ષકારનં.૧ ની કામ પર હાજર થવા અંગેની પુરસીસ ના આધારે કામ પર હાજર થવા ગયેલ પરંતુ ફરજ પર હાજર કરેલ ન હોઈ યુનીયને લખેલ પત્રની નકલ. | નિ.૧૧/૭ |
| (૮) | સંસ્થાને પત્ર મળી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ. | નિ.૧૧/૮ |
| (૯) | કામદારને ફરજ પર હાજર થવા ગયેલ ત્યારે કોન્ટ્રાકટરે કામ નથી તેવુ લખાણ આપેલ તે પત્રની નકલ. | નિ.૧૧/૯ |
| (૧૦) | તા.૨૫/૦૩/૧૧ થી તા.૦૪/૦૪/૧૧ દરમ્યાનની કાર્યવાહી ની નોંધ. | નિ.૨૭/૧ |
| (૧૧) | તા.૨૫/૦૩/૧૧ થી તા.૦૪/૦૪/૧૧ દરમ્યાનની કાર્યવાહી ની નોંધ. | નિ.૨૭/૨ |
| (૧૨) | સદર કાર્યવાહીની ટાઈપ નકલ. | નિ.૨૭/૩ |

આ કામના બીજા પક્ષકાર તરફે પોતાની જુબાની સીવાય બીજા કોઈ સાહેદને તપાસેલ નથી બાદ બીજા પક્ષકાર તરફે આંક–૨૨ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૬) આ કામના પ્રથમ પક્ષકારનં.૧ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| અનું નં.. | મૌખીક પુરાવો.. | આંક.. |
|---|---|---|
| (૧) | સાહેદ રાઠવા રાયસિંગભાઈ અભેસિંગની સોગંદનામાં પરની જુબાની. | ૧૫ |

| **અનું નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકાર અને સાંઈ કોર્પોરેશન વચ્ચે થયેલ સમાધાન. | નિ.૨૨(એ)/૧ થી નિ.૨૨(એ)/૫ |
| (૨) | બીજા પક્ષકાર અને હરીઓમ એન્ટરપ્રાઈઝ વચ્ચે થયેલ સમાધાન. | નિ.૨૨(એ)/૬ થી નિ.૨૨(એ)/૧૦ |
| (૩) | બીજા પક્ષકાર અને નારાયણ મેનપાવર સપ્લાય વચ્ચે થયેલ સમાધાન. | નિ.૨૨(એ)/૧૧ થી નિ.૨૨(એ)/૧૫ |

આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ તરફે આંક–૨૩ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૭) આ કામના પ્રથમ પક્ષકારનં.૨ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **અનું નં..** | **મૌખીક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | સાહેદ વ્રજેશકુમાર વલ્લભદાસ તલાટીની સોગંદનામાં પરની જુબાની. | ૨૫ |

| **અનું નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | પ્રથમ પક્ષકારનં.૨ કંપનીએ આસી. પ્રોવીડન્ટ ફંડ કમીશનરશ્રી વડોદરાને મોકલેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૧ |
| ૧/એ. | સદર પત્ર સાથે કોન્ટ્રાકટરોએ નોટીસ બોર્ડ પ્રદર્શીત કરેલ નોટીસની નકલ. | નિ.૨૩(એ)/૧/એ |
| ૧/બી. | પ્રથમ પક્ષકારનં.૨ કંપનીના કોન્ટ્રાકટરોએ પોતાના કામદારોને મોકલેલ નોટીસનો નમુનો. | નિ.૨૩(એ)/૧/બી |
| ૧/સી. | સદર પત્ર સાથે કોન્ટ્રાકટરના કામદારોનુ લીસ્ટ. | નિ.૨૩(એ)/૧/સી |
| (૨) | પ્રથમ પક્ષકારનં.૨ કંપનીએ મદદનીશ શ્રમ આયુકત ગોધરાને લખેલ પત્રની કોપી. | નિ.૨૩(એ)/૨ |
| ૨/એ. | સદર પત્ર સાથે કોન્ટ્રાકટરોએ નોટીસ બોર્ડ પ્રદર્શીત કરેલ નોટીસ ની નકલ. | નિ.૨૩(એ)/૨/એ |
| ૨/બી. | પ્રથમ પક્ષકારનં.૨ કંપનીના કોન્ટ્રાકટરોએ પોતાના કામદારોને મોકલેલ નોટીસનો નમુનો. | નિ.૨૩(એ)/૨/બી |

| | | |
|---|---|---|
| ૨/સી. | સદર પત્ર સાથે મોકલેલ કોન્ટ્રાકટરના કામદારોનુ લીસ્ટ. | નિ.૨૩(એ)/૨/સી |
| (૩) | પ્રથમ પક્ષકારનં.૨ કંપનીએ શ્રી વી.કે.કાઝીને મોકલેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૩ |
| ૩/એ. | સદર પત્ર રજીસ્ટર કર્યાની મની રીસીપ્ટ અસલ. | નિ.૨૩(એ)/૩/એ |
| ૩/બી. | પત્ર સાથે કોન્ટ્રાકટરોએ નોટીસ બોર્ડ પ્રદર્શીત કરેલ નોટીસની નકલ. | નિ.૨૩(એ)/૩/બી |
| ૩/ડી. | સદર પત્ર સાથે કોન્ટ્રાકટરના કામદારોનુ લીસ્ટ. | નિ.૨૩(એ)/૩/ડી |
| (૪) | કોન્ટ્રાકટર મેસર્સ સાંઈ કોર્પોરેશને આપેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૪ |
| (૫) | કોન્ટ્રાકટર મેસર્સ નારાયણ મેનપાવર સપ્લાયરને આપેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૫ |
| (૬) | કોન્ટ્રાકટર મેસર્સ હરીઓમ એન્ટરપ્રાઈઝને આપેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૬ |
| (૭) | કોન્ટ્રાકટર મેસર્સ બી.એમ.યુટીલીટીને આપેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૭ |
| (૮) | કોન્ટ્રાકટર મેસર્સ સાંઈ કોર્પોરેશનને આપેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૮ |
| (૯) | કોન્ટ્રાકટર મેસર્સ નારાયણ મેનપાવર સપ્લાયરને આપેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૯ |
| (૧૦) | કોન્ટ્રાકટર મેસર્સ હરીઓમ એન્ટરપ્રાઈઝને આપેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૧૦ |
| (૧૧) | મજુર પરીસ્થિતી અંગે સરકારી શ્રમ અધિકારીએ કારખાનાની મુલાકાત લીધેલ ત્યારે લીધેલ નિવેદનની નોંધ. | નિ.૨૩(એ)/૧૧ |
| (૧૨) | પ્રથમ પક્ષકારનં.૨ કંપનીએ સાંઈ કોર્પોરેશન અને બીજા ત્રણ કોન્ટ્રાકટરને આપેલ વિનંતી પત્રની કોમ્પ્યુટરની કોપી. | નિ.૨૩(એ)/૧૨ |
| (૧૩) | સેન્ટ્રલ પ્રોવીડન્ટ ફંડ કમીશનર સાહેબે મોકલેલ સરકયુલરની નકલ. | નિ.૨૩(એ)/૧૩ |
| (૧૪) | પ્રથમ પક્ષકારનં.૨ કંપની ધ્વારા શ્રમ આયુકતશ્રીને મોકલેલ પત્ર ની નકલ. | નિ.૨૩(એ)/૧૪ |
| (૧૫) | સદર પત્ર સાથે બીડાણ કરેલ મેસર્સ સાંઈ કોર્પોરેશને મુકેલ નોટીસની કોપી. | નિ.૨૩(એ)/૧૫ |
| (૧૬) | સદર પત્ર સાથે મેસર્સ નારાયણ મેનપાવર સપ્લાયરએ મુકેલ નોટીસની કોપી. | નિ.૨૩(એ)/૧૬ |

| | | |
|---|---|---|
| (૧૭) | સદર પત્ર સાથે મેસર્સ હરીઓમ એન્ટરપ્રાઈઝે મુકેલ નોટીસની કોપી. | નિ.૨૩(એ)/૧૭ |
| (૧૮) | મેસર્સ હરીઓમ એન્ટરપ્રાઈઝે પ્રદર્શીત કરેલ નોટીસની નકલ. | નિ.૨૩(એ)/૧૮ |
| (૧૯) | મેસર્સ નારાયણ મેનપાવર સપ્લાયરે પ્રદર્શીત કરેલ નોટીસની નકલ. | નિ.૨૩(એ)/૧૯ |
| (૨૦) | મેસર્સ સાંઈ કોર્પોરેશને પ્રદર્શીત કરેલ નોટીસની નકલ. | નિ.૨૩(એ)/૨૦ |
| (૨૧) | પ્રથમ પક્ષકારનં.૨ કંપનીએ આસી. પ્રોવીડન્ટ ફંડ કમીશનર સાહેબને મોકલેલ પત્રની નકલ. | નિ.૨૩(એ)/૨૧ |
| (૨૨) | સદર પત્ર સાથે મેસર્સ સાંઈ કોર્પોરેશનની નોટીસની કોપી. | નિ.૨૩(એ)/૨૨ |
| (૨૩) | સદર પત્ર સાથે મેસર્સ નારાયણ મેનપાવર સપ્લાયરની નોટીસ ની કોપી. | નિ.૨૩(એ)/૨૩ |
| (૨૪) | સદર પત્ર સાથે મેસર્સ હરીઓમ એન્ટરપ્રાઈઝની નોટીસની કોપી. | નિ.૨૩(એ)/૨૪ |
| (૨૫) | સદર પત્ર સાથે કંપનીના અધિકારીએ સંસ્થાના નોટીસ બોર્ડ પર પ્રદર્શીત કરેલ નોટીસની નકલ. | નિ.૨૩(એ)/૨૫ |
| (૨૬) | એમ્પ્લોઈઝ પ્રોવીડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન તરફથી એલોટમેન્ટ ઓફ યુનીવર્સલ એકાઉન્ટ નંબર ટુ એવરી કોન્ટ્રીબ્યટીંગ મેમ્બર રજીસ્ટર્ડ ઓન ઈસીઆર પોર્ટલ એન્ડ સબસીકવન્ટ સીડીંગ ઓફ કેવાયસીએસ–રીગાર્ડીંગ અંગેનો સરકયુલર. | નિ.૨૪(એ)/૧ |
| (૨૭) | ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ તરફથી મોકલી આપવામાં આવેલ એલોટમેન્ટ ઓફ યુનીવર્સલ એકાઉન્ટ નંબર ટુ એવરી કોન્ટ્રીબ્યટીંગ મેમ્બર રજીસ્ટર્ડ ઓન ઈસીઆર પોર્ટલ એન્ડ સબસીકવન્ટ સીડીંગ ઓફ કેવાયસીએસ–રીગાર્ડીંગ અંગેનો સરકયુલર. | નિ.૨૪(એ)/૨ |
| (૨૮) | રીજીયોનલ પ્રોવીડન્ટ ફંડ કમીશનર–૧,વડોદરા ધ્વારા મોકલ–વામાં આવેલ મેઈલની નકલ. | નિ.૨૪(એ)/૩ |
| (૨૯) | સેન્ટ્રલ પ્રોવીડન્ટ ફંડ કમીશનર, ન્યુ દીલ્હી તરફથી એલોટમેન્ટ ઓફ યુનીવર્સલ એકાઉન્ટ નંબર(યુએએન) ટુ ધી વર્કસ એન્ગેજડ થ્રુ આઉટસાઈડ એજન્સીએ અંગેનો સરકયુલર. | નિ.૨૪(એ)/૪ |

| | | |
|---|---|---|
| (૩૦) | એમ્પ્લોઈઝ પ્રોવીડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન ન્યુ દીલ્હી તરફથી મોકલવામાં આવેલ સરકયુલર. | નિ.૨૪(એ)/૫ થી નિ.૨૪(એ)/૬ |
| (૩૧) | રીજીયોનલ પી.એફ. કમીશનર શાખાનં.૧ તરફથી મોકલવામાં મેઈલની નકલ. | નિ.૨૪(એ)/૭ |

આ કામના પ્રથમ પક્ષકાર નં.૨ તરફે આંક–૨૯ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૮) આ કામના બીજા પક્ષકાર તરફે તેઓના પ્રતિનિધિશ્રી ધ્વારા આંક–૩૦ થી પોતાની લેખીત દલીલો રજુ કરેલ છે તેમજ વધુમાં તેઓ તરફે મૌખિક દલીલ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે આ કામના પ્રથમ પક્ષકાર ધ્વારા KYC ડોકયુમેન્ટ સબમીટ કરાવવાના બહાના હેઠળ બીજા પક્ષકાર કામદારને છુટા કરી દીધેલ છે,તેઓ ધ્વારા પોતાના લેખિત જવાબમાં તેઓને પી.એફ. ઓફીસ તરફથી આવા ડોકયુમેન્ટ રજુ કરવામાં નહી આવે તો તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણ કરેલ હોઈ તેઓએ કંપનીના નોટીસ બોર્ડ પર તેમજ કામદારોને નિયતસમયમાં KYC ના દસ્તાવેજો સબમીટ કરવાની જાણ કરેલ હતી તેમજ છેલ્લે આવા દસ્તાવેજો કામદારો તરફે રજુ ન કરેલ હોઈ તા.૦૧/૦૧/૨૦૧૫ ના રોજથી પ્રથમ પક્ષકાર કંપની ધ્વારા કામદારોને કંપનીમાં પ્રવેશ કરવા દીધેલ નહી અને આ રીતે તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે.વધુમાં પ્રથમ પક્ષકાર તરફે કામદારો જાતે આવતા બંધ થઈ ગયેલ હોવાની તકરાર લીધેલ છે પરંતુ તા.૩૧/૧૨/૨૦૧૪ સુધી કામદારો ધ્વારા નોકરી કરવામાં આવેલ હતી અને તેના બીજા દિવસે એટલે કે તા.૦૧/૦૧/૨૦૧૫ ના રોજ તેઓ નોકરીમાં ન આવે અને જાતે નોકરીનો ત્યાગ કરે તે માની શકાય નહી.વધુમાં કંપની ધ્વારા પણ જો KYC ના દસ્તાવેજો નહી આપવામાં આવે તો કામદારોને કંપનીમાં પ્રવેશ આપવામાં આવશે નહી તેવી લેખિત નોટીસ નોટીસ બોર્ડ પર મારવામાં આવેલ હતી જેનો તેઓ ધ્વારા તા.૦૧/૦૧/૨૦૧૫ ના રોજથી અમલ કરેલ છે.વધુમાં જો બીજા પક્ષકારનો તેવો કેસ હોય કે કામદારોને તેઓના કાયદેસરના હુકમનું પાલન નહી કરીને KYC ના દસ્તાવેજો રજુ કરેલ નથી તો પ્રથમ પક્ષકારે મોર્ડલ સ્ટેન્ડીંગ ઓર્ડર પ્રમાણે આવી ગેરવર્તણુંક બાબતે કામદારો સામે ખાતાકીય તપાસ કરવી જોઈએ પરંતું આવી ખાતાકીય તપાસ કર્યા સિવાય કામદારોને છુટા કરી દીધેલ છેઆ રીતે પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ હોય,આ તમામ કારણોસર બીજા પક્ષકારનો રેફરન્સ મંજુર કરી પડેલા દિવસોના પુરેપુરા પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવા માટે અરજ કરેલ છે અને તેઓની અરજીના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓની નકલ રજુ કરેલ છે.

(૧) ૨૦૦૦(૪) એલએલએન પેજનં.૪૧૩(નામદાર પંજાબ એન્ડ હરીયાણા હાઈકોર્ટ ડીવીઝન બેંક) ભુના કો.ઓ.સુગરમીલ વિ.મોહીન્દરસિંગ તથા અન્ય.

(૨) રાઈટ પીટીશન નં.૨૯૦૪/૧૯૮૩ (નામદાર બોમ્બે હાઈકોર્ટ ડીવીઝન બેંચ) ગૌરીશંકર વિશ્વકર્મા વિ.ઈગલ ઈન્ડ. પ્રા.લી. તથા અન્ય.

(૩) ૨૦૦૫(૨) સી.એલ.આર. પેજનં.૪૦૩(નામદાર ગુજરાત હાઈકોર્ટ) સ્ટેટ ઓફ ગુજરાત તથા અન્ય વિ.જીતેન્દ્ર રાવલ તથા અન્ય.

(૪) નામદાર બોમ્બે હાઈકોર્ટ ભીમરાવ રામભાઈ વિ.કોહીનુર એન્જીનીયર.

(૫) એફ.એલ.આર.(૧૧૦) ૧૯૯૯૭/૭૬ જીવન પ્રસાદ મીશ્રા વિ.લેબર કોર્ટ તથા ૨૦૦૩(૧) એલએલજે ૬૨૬ યુ.પી.સ્ટેટ બ્રિજ કોર્પો. વિ. યુ.પી. રાજય એન્ડ નિગમ સંયુકત કર્મચારી સંઘ(ડીવીઝન બેંચ)

(૬) રેફરન્સ (આઈ.ટી.) નં.૧૩/૨૦૦૮ ઔધોગિક અદાલત,વડોદરા.

(૯) આ કામના પ્રથમ પક્ષકારનં.૧ ના વકીલશ્રી દવારા આંક–૩૨ થી પોતાની લેખીત દલીલો રજુ કરેલ છે તેમજ તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજુ કરેલ છે.

(૧) ૨૦૦૨(૩)સી.એલ.આર.પેજનં.૪૮૮ (નામદાર બોમ્બે હાઈકોર્ટ) સોનલ ગારમેન્ટ વિ. ત્રંબક શંકર નર્વે.

(૨) ૨૦૦૪ એલ.એલ.આર. પેજનં.૨૦ (નામદાર બોમ્બે હાઈકોર્ટ) સુજા એજન્સી વિ. ઉદગસિંગ બી. રાવત.

(૩) ૨૦૦૯એલ.આર.આર.પેજનં.૨(નામદાર બોમ્બે હાઈકોર્ટ) એનઆરકે હાઉસ વિ.પી.વી.ટોમી અને અન્ય.

(૪) ૨૦૦૧(૧) સી.એલ.આર.પેજનં.૯૪૮(નામદાર બોમ્બે હાઈકોર્ટ) કોમ્પીટેશન પ્રિન્ટીંગ પ્રેસ વિ.શ્રીયુત જયપ્રકાશસિંગ અને અન્ય.

(૫) ૧૯૯૯(૨) એલ.એલ.એન.પેજનં.૧૦૫૦ (નામદાર હરીયાણા હાઈકોર્ટ) લક્ષ્મીકાંત વિ. પ્રિસાઈડીંગ ઓફીસર,ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કમ લેબર કોર્ટ,ગુરગાંવ અને અન્ય.

(૬) ૨૦૦૬ એલ.એલ.આર. પેજનં.૧૦૪૩ (નામદાર દીલ્હી હાઈકોર્ટ) ત્રીલોકીનાથ વિ. શ્રી ધર્મ પોલ અરોરા અને અન્ય.

(૭) ૨૦૦૩ એલ.એલ.આર.પેજનં.૧૧૫૦(નામદાર બોમ્બે હાઈકોર્ટ) રાજુ શંકર પુજારી વિ.ચેમ્બુર વેર હાઉસીંગ કંપની અને અન્ય.

(૮) ૨૦૦૫(૧)એલ.એલ.એન.પેજનં.૧૦૪૭(નામદાર સર્વોચ્ચ અદાલત) કેન્દ્રીય વિધાલય સંગઠન અને બીજા વિ. એસ.સી.શર્મા.

(૯) ૨૦૦૫ એલ.એલ.આર. પેજનં.૭૪૭ (નામદાર હીમાચલ હાઈકોટ) નગર પરીષદ વિલાસપુર વિ. બોનેરામ તથા અન્ય.

(૧૦)૨૦૧૬ એલ.એલ.આર.પેજનં.૯૦૧(નામદાર બોમ્બે હાઈકોર્ટ) જમીલ એ અધિકારી મુંબઈ વિ. ઓબેરોય ટાવર્સ.

(૧૧)૨૦૧૪ એલ.એલ.આર. પેજનં.૪૬૧ (નામદાર દીલ્હી હાઈકોર્ટ) બાદશાસિંહ વિ.દિલ્હી વોટર સ પ્લાય.

(૧૨)૨૦૧૦ એલ.એલ.આર. પેજનં.૮૧૭(નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ) જશવિંદસિંગ વિ.રીજીયોનલ મેનેજર,પંજાબ નેશનલ બેંક.

(૧૩) ૨૦૦૦(૧) પેજનં.૯૦૧(નામદાર રાજસ્થાન હાઈકોર્ટ) નરેન્દ્રસિંગ સોલંકી વિ. રો એન્ડ ફીનીશીંગ પ્રોડકશન.

(૧૪)૨૦૨૧ એલ.એલ.આર.પેજનં.૮૫૪ (નામદાર મદ્રાસ હાઈકોર્ટ) એન.રાજેન્દ્રન વિ. પ્રીસાઈડીંગ ઓફીસર, ફસ્ટ એડીશનલ લેબર કોર્ટ ચેન્નઈ.

(૧૫) ૨૦૨૧ એલ.એલ.આર. પેજનં.૧૦૫૦ (નામદાર દીલ્હી હાઈકોર્ટ) મેસર્સ ચુનમન સ્ટોર્સ પ્રા.લી. વિ. ગૌરવ ચૌહાણ.

(૧૬)૨૦૨૩ એલ.એલ.આર.પેજનં.૩૦૪(નામદાર પંજાબ એન્ડ હરીયાણા હાઈકોર્ટ)અનિલકુમાર વિ.પ્રીસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ કમ લેબર કોર્ટ.

(૧૭)૨૦૨૩ એલ.એલ.આર. પેજનં.૫૧૮(નામદાર મદ્રાસ હાઈકોર્ટ) કે.જી.રવિચંદ્રન વિ.પ્રીસાઈડીંગ ઓફીસર એડીશનલ લેબર કોર્ટ વેલોર તથા અન્ય.

(૧૮)૨૦૨૦ એલ.એલ.આર. પેજનં.૨૨ (નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટ) મુન્નીબાઈ સેન વિ. એન.પી.સ્ટેટ એગીકલ્ચર માર્કેટીંગ બોર્ડ,ભોપાલ.

(૧૯)૨૦૦૮ એલ.એલ.આર. પેજનં.૧૨૬૩ (નામદાર કલકતા હાઈકોર્ટ) મો.મોહીઉદીન વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ અને અન્ય.

(૧૦)આ કામના પ્રથમ પક્ષકારનં.૨ ના વકીલશ્રી દવારા આંક–૩૩ થી પોતાની લેખીત દલીલો રજુ કરેલ છે અને લેખિત દલીલ સાથે **આંક–૩૪** થી પરિશિષ્ટ–એ થી જી સુધીની વધારાની લેખિત રજુઆત તથા તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજુ કરેલ છે.

(૧) ૨૦૨૪ સી.એલ.આર. પેજનં.૮ (નામદાર હીમાચલ હાઈકોર્ટ) રાકેશ શર્મા વિ.ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન અને બીજા.

(૨) ૨૦૦૪(૨) પેજનં.૬૮ (નામદાર સર્વોચ્ચ અદાલત) વર્કમેન ઓફ નીલગીરી કો.ઓ. માર્કેટીગ સોસાયટી લી. વિ.સ્ટેટ ઓફ તામીલનાડુ.

(૩) ૨૦૧૩ એલ.એલ.જે.પેજનં.૨૧૩ (નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ) યુ.પી.સ્ટેટ વેર હાઉસીંગ કોર્પોરેશન અને બીજા વિ.પ્રીસાઈડીંગ ઓફીસર અને બીજા.

(૪) ૧૯૭૨ ઈન્ડસ્ટ્રીલ લો પેજનં.૧૮(નામદાર કેરાલા હાઈકોર્ટ) એન.સી.જહોન વિ.થોડુપુજા તાલુકશોપ એન્ડ કોમ.એસ્ટાબ્લીશમેન્ટ વર્કસ યુનિયન અને બીજા ૨.

(૫) ૧૯૮૫ એલ.એલ.જે. પેજનં.૪ (નામદાર સર્વોચ્ચ અદાલત) ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા.

(૬) ૨૦૧૩(૧) એલ.એલ.જે. પાનાનં.૧૮૬ (નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ) મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા વિ.પ્રીસાઈડીંગ ઓફીસર અને બીજા.

(૭) ૨૦૦૮(૦) જી.એલ.એચ.ઈ.એલ.–એલ.સી. પેજનં.૪૧૯૯૮ (નામદાર સર્વોચ્ચ અદાલત) એન.ટી.પી.સી. વિ. બદરીસીંઘ ઠાકુર.

(૮) ૨૦૧૧ એલ.એલ.આર. પેજનં.૧૧૩ (નામદાર સર્વોચ્ચ અદાલત) જનરલ મેનેજર (ઓએસડી) બેંગાલ નાગપુર કોટન મીલ્સ, રાજભેદ ગાંગ વિ.ભરતલાલ અને બીજા.

(૯) એફ.જે.આર. વો–૮૦ પેજનં.૧૯૧ (નામદાર સર્વોચ્ચ અદાલત) દીનાનાથ વિ. નેશનલ ફર્ટીલાઈઝર.

(૧૦) ૧૯૯૦–૧–૬ (નામદાર મદ્રાસ હાઈકોર્ટ) અશોક લેલન્ડ વિ.ગર્વમેન્ટ તામીલનાડુ.

(૧૧) ૨૦૧૩(૩) એલ.એલ.જે.–૨૧૩(નામદાર અલ્હાબાદ હાઈકોટ) યુ.પી.સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન અને બીજા વિ. પ્રીસાઈડંગ ઓફીસર અને બીજા.

(૧૨) ૧૯૯–૧૦–૨૭ કે.એ.આર.(નામદાર કર્ણાટક હાઈકોર્ટ) વેણુ ગોપાલ રેડ્ડી એમ. વિ. હીન્દુસ્તાન એરોનોટીકલ લી.

(૧૩) ૨૦૦૬(ઓ) એ.આઈ.જે. પી.એચ. ૧૭૨૪૩૪ (નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટ) રામસિંહ વિ. પંજાબ સ્ટેટ કો.ઓપરેટીવ સપ્લાય એન્ડ માર્કેટીંગ ફેડરેશન.

(૧૪)૨૦૦૯–૧૦–૩૯ ડી.એલ.એચ.(નામદાર દીલ્હી હાઈકોટ) ગંગાધર બાજપાઈ વિ. આઈ.ઓ.સી.

(૧૫)૧૯૮૪(૧) જી.એલ.આર. પેજનં.૩૮૬ (નામદાર ગુજરાત હાઈકોટ) એન.ડી.પટેલ એન્ડ કંપની વિ. મનુભાઈ કરશનભાઈ પરમાર.

(૧૬)૧૯૮૮(૨) જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી. ૨૧૩૬૯૩ વિજય જે. ગઢવી વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો.

(૧૭) ૧૯૮૮(૨) જી.એલ.એચ. પેજનં.૪૬૩૬ (નામદાર ગુજરાત હાઈકોટ) ઘેલાભાઈ પોપટભાઈ તરપરા અને બીજા વિ.એગ્રીકલ્ચર પ્રોડકટ માર્કેટ કમીટી, કાલાવાડ અને બીજા.

(૧૮) ૨૦૨૩ એલ.એલ.આર.–૧ (નામદાર સર્વોચ્ચ અદાલત) કીર્લોસ્કર બ્રધર્સ લી. વિ. રામચરણ અને બીજા.

(૧૧)આ કામે રેકર્ડ ધ્યાને લેતાં,માંગણાનું નિવેદન તથા જવાબ ધ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશશ્રમ આયુકતશ્રી,ગોધરાએ કરેલ રેફરન્સના મુખ્ય મુદ્દો કે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેના નીર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારનં.૧ તથા ૨ સંસ્થામાં ફરજ બજાવતા હતા અને તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે ?

(૨) શું બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧ તથા ૨ ધ્વારા નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે ?

(૩) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ ?

(૧૨)ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

(૧) અંશત:હકારમાં(પ્રથમ પક્ષકારનં.૧ પુરતો)

(૨) અંશત:હકારમાં(પ્રથમ પક્ષકારનં.૧ પુરતો)

(૩) અંશત:હકારમાં(પ્રથમ પક્ષકારનં.૧ પુરતો)

(૪) આખરી હુકમ મુજબ.

(૧૩) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-: કારણો:-**

(૧૪) મુદ્દા નંબર.૧ ::-

આ કામના બીજા પક્ષકાર દવારા તેઓના માંગણા નિવેદનમાં તથા પુરાવામાં તેઓ આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાનં.૨ ના મેનેજરે નોકરીમાં રાખેલ અને તા.૧૯/૦૪/૧૯૯૫ ના રોજથી ફરજમાં હાજર કરીને તેઓનું નામ સંસ્થામાં ચાલતા કોન્ટ્રાકટર જયેન્દ્ર એચ. પંડયાના ચોપડે ચઢાવી દીધેલ હતું બાદમાં તા.૦૧/૦૪/૧૧ ના રોજથી નવા આવનાર કોન્ટ્રાકટરશ્રી હરીઓમ એન્ટરપ્રાઈઝના નેજા હેઠળ કંપની દવારા કામ કરાવામાં આવતું હતુ અને તેઓ પ્રથમ પક્ષકારનં.૨ સંસ્થામાં ઓપરેટરના હોદાથી દૈનિક રૂા.૩૫૩/- ના પગારથી નોકરી કરતા હોવાની હકીકત જણાવેલ છે,આમ બીજા પક્ષકાર દવારા પ્રથમ કંપની દવારા નોકરી આપીને કોન્ટ્રાકટરમાં નામ ચઢાવી દીધેલ હોવાનું જણાવેલ છે જેથી આ કામના બીજા પક્ષકાર શરૂઆત થી જ કંપનીમાં નહી પરંતું કોન્ટ્રાકટમાં કામ કરતા હોવાનું જાણતા હોવાનું ફલીત થાય છે,વધુમાં બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર નં.૨ કંપની દવારા પ્રથમ પક્ષકારનં.૧ સાથે કરેલ કરાર શામ અને બોગસ કરેલ હોવાની તકરાર ઉપસ્થીત કરેલ છે પરંતું આ કામના બીજા પક્ષકારની ઉલટ તપાસ જોતા તેમાં પણ તેઓ દવારા તેઓનો પી.એફ. કોન્ટ્રાકટરના કોડમાં જમા થતો હોવાનો,તેઓની પાસે કોન્ટ્રાકટર દવારા કે.વાય.સીના દસ્તાવેજોની માંગણી કરેલ હોવાનો, તેઓએ તા.૩૧/૧૨/૨૦૧૪ સુધી કોન્ટ્રાકટર મારફતે કામ કરેલ હોવાનો,તેમજ સંસ્થા દવારા રજુ કરવામાં આવેલ લીસ્ટમાં તેઓનું નામ તથા તેની સામે કોન્ટ્રાકટરનું નામ દર્શાવેલ હોવાનો સ્વીકાર કરેલ છે અને આ કામના પ્રથમ પક્ષકારનં.૧ કોન્ટ્રાકટર દવારા પણ બીજા પક્ષકાર તેઓના કામદાર હોવાની હકીકત સ્વીકારેલ છે અને પ્રથમ પક્ષકાર નં.૨ દવારા પણ બીજા પક્ષકાર તેઓના નહી પરંતુ પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટરના કામદાર હોવાની હકીકત જણાવેલ છે,આ સીવાય પણ પ્રથમ પક્ષકારનં.૧ ના સાહેદનો મૌખીક પુરાવો તથા બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલી ઉલટતપાસ તથા પ્રથમ પક્ષકારનં.૨ ના સાહેદનો મૌખીક પુરાવો તથા ઉલટતપાસ જોતા આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકારનં.૧ કોન્ટ્રાકટર હેઠળ પ્રથમ પક્ષકારનં.૨ કંપનીમાં કામ કરતા હોવાનું તેઓને પગાર પ્રથમ પક્ષકારનં.૧ દવારા કરવામાં આવતો હોવાનું તેમજ પ્રથમ પક્ષકારનં.૧ દવારા બીજા પક્ષકારને છુટા કરેલ અથવાતો નોકરીમાં કે.વાય.સી.ની કાર્યવાહી પુર્ણ નહી કર્યા સીવાય નોકરીમાં નહી આવવાની હકીકત જણાવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે.આ કામના બીજા પક્ષકાર દવારા આંક-૧૧ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં તેઓ દવારા પ્રથમ પક્ષકારનં.૨ કંપનીમાં નોકરી કરતા હોવાનું ફલીત થાય છે પરંતું હાલનો રેફરન્સ ગેરકાયદેસર રીતે છુટા કરવાનો અને નોકરીમાં પુન:સ્થાપીત કરવાનો છે જેમાં

કામદારને છુટા કરેલ હોય તે સમયની પરીસ્થીતી અદાલતે ધ્યાને લેવાની રહે છે કારણ કે,કાયદા મુજબ પણ રેફરન્સ કરવાનું કારણ કામદારને છુટા કરવામાં આવેથી ઔધોગીક તકરાર ઉપસ્થીત થતા શરુ થાય છે એટલે કે,બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલ ત્યારે તેઓ કોની કામગીરીમાં હતા,તેઓને કોણ પગાર ચુકવતું હતું, તેઓને છુટા કોના દવારા કરવામા આવેલ છે તે બાબતો અંગે બીજા પક્ષકારે ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર લાવવો જોઈએ કારણ કે તેના વગર અદાલત તેઓને કોણે છુટા કરેલ છે તે નકકી કરી શકે નહી,હાલના કેસમાં બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલ અથવા તો નોકરીમાં આવવાનો ઈન્કાર કરવામાં આવેલ ત્યારે તા.૦૧/૦૧/૧૫ ના રોજ તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ ના કોન્ટ્રાકટમાં નોકરી કરતા હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે.વધુમાં આ કામે મજુર કમિશ્નરશ્રી તરફથી ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવેલ અનુંસુચી વંચાણે લેતા તેમાં પણ બીજા પક્ષકાર તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો નિર્ણય કરવા માટે મોકલેલ છે જેથી આ અદાલતે માત્ર આ તકરારનો નિર્ણય કરવાનો છે જેથી આ કામે આ કામના બીજા પક્ષકાર દવારા જે તકરાર લેવામાં આવેલ છે કે,કંપની દવારા તેઓની ભરતી કરીને તેઓને કોન્ટ્રાકટરમાં ચઢાવી દેવામાં આવેલ તેમજ કંપની દવારા કરવામાં આવેલ કોન્ટ્રાકટ શામ અને બોગસ હોવાની તકરારી બાબતનો કોઈ નિર્ણય કરવાનો રહેતો નથી તેમજ જો ખરેખર બીજા પક્ષકારને કંપની દવારા પ્રથમ પોતાના ત્યાં ભરતી કરીને બાદમાં કોન્ટ્રાકટના કામદાર તરીકે ગણવામાં આવેલ હોય તો બીજા પક્ષકારે તેઓને આવી રીતે કોન્ટ્રાકટના કામદાર ગણવામાં આવેલ હતા ત્યારે જ આ તકરાર ઉપસ્થીત કરવાની જરૂરીયાત હતી પરંતું તેઓ દવારા આવી કોઈ તકરાર જે તે સમયે ઉપસ્થીત કરેલ નથી જે સંજોગોમાં તેઓને આવી તકરાર ઉપસ્થીત કરવાનું નહી પસંદ કરીને સદર પરીસ્થીતી નો સ્વીકાર કરેલ હોવાનું જણાય છે.આ કામના બીજા પક્ષકાર તરફે તેઓ પ્રથમ પક્ષકાર નં.ર કંપનીના કામદાર હોવાની હકીકત પુરવાર કરવા માટે પી.એફ.ની સ્લીપની નકલ તથા ઈ.એસ.આઈ.કાર્ડની નકલ રજુ કરેલ છે પરંતું આ બાબતે પ્રથમ પક્ષકારનં.ર દવારા પોતાની લેખીત દલીલના પરિશિષ્ટ.જી માં આ અંગે જણાવેલ છે જેમાં તેઓ દવારા એ.એસ.આઈ.એકટ તથા પી.એફ.એકટની જોગવાઈઓ ટાંકીને આ કાયદા મુજબ ઈ.એસ.આઈ.તથા પી.એફ.નો ફાળો ભરવો ફરજીયાત હોય તેમજ આ હેતું માટે કોન્ટ્રાકટરના કામદારોને પણ આનો લાભ આપવો પડે અને જે તે સમયે કોન્ટ્રાકટોને અલગતથી પી.એફ.નો કોડ આપવામાં આવતો ના હોય કંપની દવારા આવો ફાળો ભરવામાં આવતો હતો જે બાદમાં કોન્ટ્રાકટરના બીલમાંથી વસુલ કરી શકાય તેમ હતો જેથી આવા દસ્તાવેજો રજુ કરવાથી બીજા પક્ષકાર કંપનીના કામદાર થઈ જતા નથી તેમ રજુઆત કરેલ છે,અને આ દલીલની વિરૂધ્ધમાં બીજા પક્ષકાર દવારા કોઈ વિશેષ દલીલ કરવામા આવેલ નથી અને આ કામે કંપની

તરફે તેઓની આ દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓ પણ રજુ કરેલ છે જે તથા રજુ થયેલ અન્ય દસ્તાવેજો તથા બીજા પક્ષકારની ઉલટતપાસ તથા પ્રથમ પક્ષકારનં.૧ તથા પ્રથમ પક્ષકારનં.ર દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો જોતા પ્રથમ પક્ષકારનં.ર કંપનીની દલીલ કે માત્ર પી.એફ.તથા ઈ.એસ.આઈ.માં કંપનીનું નામ જણાવેલ હોય તેથી તેઓના કામદાર ગણી શકાય નહી તે ગ્રાહય રાખવાપાત્ર જણાય છે.વધુમાં આ કામે બીજા પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ ઓળખકાર્ડ માં પણ કંપનીનો સીકકો છે પરંતું એ સાથે જ તેઓના કોન્ટ્રાકટરનો પણ સીકકો છે અને સ્વાભાવીક રીતે જ કોઈ પણ કંપની દવારા કોન્ટ્રાકટર મારફતે કામદારો રાખવામાં આવતા હોય તો તેઓને કંપનીની અંદર પ્રવેશ માટે કાર્ડ આપવામાં આવે તેવા સંજોગોમાં આવા પ્રવેશ માટે રાખવામાં આવેલ કાર્ડ ને આધારે બીજા પક્ષકાર કંપનીના કામદાર હોવાનું માની શકાય નહી.આ સીવાય પણ પ્રથમ પક્ષકાર નં.૧ દવારા કાયદા મુજબનું કોન્ટ્રાકટર લાયસન્સ લેવામાં આવેલ છે તેમજ કાયદાની જરૂરી એવી તમામ કાર્યવાહી તેઓ દવારા પુર્ણ કરવામાં આવેલ છે અને એક વાર દલીલ ખાતર માની લેવામાં આવે કે,પ્રથમ પક્ષકારનં.૧ દવારા આવી કોન્ટ્રાકટની કાર્યવાહી પુર્ણ કરેલ નથી તો પણ હાલનો રેફરન્સ તેનો નિર્ણય કરવા માટે રીફર કરવામાં આવેલ ના હોય આ હકીકતનો નિર્ણય આ અદાલતે કરવાનો રહેતો નથી તેવી જ રીતે બીજા પક્ષકાર તરફે દલીલ કરવામાં આવેલ છે કે,કંપની દવારા કોન્ટ્રાકટ લેબર પ્રથા આભાસી,કાગળ ઉપર દેખાવ પુરતી ઉભી કરવામાં આવેલ છે પરંતું હાલનો રેફરન્સ કંપની તથા કોન્ટ્રાકટરની આ હકીકતો કે તકરાર નો નિર્ણય કરવા માટે રીફર કરવામાં આવેલ ના હોય આ હકીકતનો નિર્ણય આ અદાલતે કરવાનો રહેતો નથી,આ સીવાય પણ  પ્રથમ પક્ષકારનં.ર દવારા આપવામાં આવેલ કોન્ટ્રાકટ પણ કાયદા મુજબનો હોય તેમજ આવો કોન્ટ્રાકટ કાયદાની જોગવાઈ મુજબ રદ કરવાની સતા પણ આ અદાલતને ના હોય આ અંગે કોઈ હુકમ કરી શકાય નહી.વધુમાં આ કામના બીજા પક્ષકાર દવારા તેઓની દલીલના સમર્થનમાં મોટી સંખ્યામાં ઓથોરીટીઓ રજુ કરવામાં આવેલ છે પરંતું આ પૈકી કઈ ઓથોરીટી તેઓની કઈ દલીલના સમર્થનમાં,કયાં મુદા ઉપર લાગું પડે છે તે જણાવેલ નથી માત્ર ઓથોરીટીની નકલો રજુ કરી દેવામાં આવેલ છે તેમ છતા આ ઓથોરીટીઓ ધ્યાને લેતા કોઈ પણ ઓથોરીટીમાં કામદાર જો કોન્ટ્રાકટર દવારા રાખવામાં આવેલ હોય તો તેઓ મુખ્ય કંપનીના કામદાર ગણાય અથવા તો કોન્ટ્રાકટર દવારા રાખવામાં આવેલ અથવા તો છુટા કરવામાં આવેલ કામદારની પુન:સ્થાપીત કરવાની તકરારમાં મુખ્ય કંપની જવાબદાર થાય કે થઈ શકે તેમ ઠરાવેલ નથી તેમજ બીજા પક્ષકાર દવારા તેઓની દલીલના સમર્થનમાં ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ વડોદરા દવારા રેફરન્સ કેસનં.૧૩/ ૨૦૦૮ ના એવોર્ડની નકલ રજુ કરેલ છે પરંતું આ હુકમ નામદાર હાઈકોર્ટ અથવા તો નામદાર સુપ્રિમકોર્ટ દવારા આપવામાં આવેલ ના હોય કાયદાના અર્થઘટન મુજબ પણ આ અદાલતને બંધનકર્તા થતો ના

હોય બીજા પક્ષકારને મદદરૂપ થઈ શકે નહી,વધુમાં આ કામે આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા રજુ થયેલ આંક–૨૨(એ) વાળા દસ્તાવેજો જોતા આ દસ્તાવેજો અગાઉના કોન્ટ્રાકટર હાલના કોન્ટ્રાકટર તથા બીજા પક્ષકારના યુનીયન વચ્ચે સમાધન થયેલ છે તેની નકલો છે જેમાં કામદાર તરીકે આ કામના બીજા પક્ષકારની તથા તેઓના યુનીયનના પ્રતિનિધિ શ્રીની સહીઓ કરવામાં આવેલ છે જેમાં કામદારો,જુના કોન્ટ્રાકટર તથા મુખ્ય કંપની વચ્ચે તકરાર પેન્ડીગ હોવાનું જણાવેલ છે તેમજ તે સમાધાન વંચાણે લેતા આ કામના બીજા પક્ષકાર અગાઉ તથા બાદમાં હાલના પ્રથમ પક્ષકારનં.૧ ના કોન્ટ્રાકટ માં કામ  કરતા  હોવાનું ફલીત થાય છે,વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર નં.ર દવારા પોતાની લેખીત દલીલ સાથે પરિશિષ્ટ.સી થી રજુ કરેલ એવોર્ડ,હુકમની નકલો જોતા પણ આ કામના બીજા પક્ષકાર કામદારો આ કામના પ્રથમ પક્ષકારનં.ર ના નહી પરંતું કોન્ટ્રાકટરોના કામદારો હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે.આમ આ કામે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ દવારા નં.ર સાથે કરેલ કોન્ટ્રાકટ કાયદેસર હોવાનું ફલીત થાય છે જે સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર તરફે રજુ કરેલ આ ઓથોરીટી તથા બીજી પણ ઓથોરીટીઓ તેઓના કેસમાં તેઓને મદદરૂપ થઈ શકે તેમ નથી,વધુમાં આ બાબતે પ્રથમ પક્ષકારનં.ર નાઓ દવારા પણ ઓથોરીટીઓ રજુ કરેલ છે પરંતું જયારે તેઓની તરફેણમાં અદાલત દવારા નિર્ણય કરવામાં આવી રહેલ હોય આ ઓથોરીટીઓ ની ચર્ચા કરવી જરૂરી જણાતું ના હોય કરેલ નથી,આમ આ તમામ બાબતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકાર નં.ર ના નહી પરંતું પ્રથમ પક્ષકારનં.૧ ના કામદાર હોવાનું રેકર્ડ પર આવેલ હોય અને પ્રથમ પક્ષકારનં.૧ દવારા આ હકીકતનો ઈન્કાર કરેલ ના હોય તેમજ આ કામના બીજા પક્ષકારની ઓપરેટર તરીકેની કામગીરી જોતા તેઓનો કામદારની વ્યાંખ્યામાં સમાવેશ થતો હોય તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારનં.૧ ના કામદાર હોવાનું પુરવાર થતું હોય મુદાનં.૧ નો નિર્ણય પ્રથમ પક્ષકાર નં.૧ પુરતો અંશત:હકારમાં આપવામાં આવે છે.

(૧૫)મુદ્દા નંબર.ર ::–

આ કામે ઉપરોકત મુદાન.૧ ના કારણો તથા નિર્ણય ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.ર ના કામદાર હોવાનું પુરવાર થયેલ નથી અને તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ ના કામદાર હોવાનું પુરવાર થયેલ છે તેવા સંજોગોમાં હવે બીજા પક્ષકારને છુટા કરવાનો પ્રશ્ન પ્રથમ પક્ષકારનં.૧ ના અનુંસંધાને નિર્ણય કરવાની જરૂરીયાત જણાતી નથી જેથી આ મુદાનો નિર્ણય આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ ના અનુસંધાને કરવામાં આવેલ છે,આ કામના બીજા પક્ષકાર દવારા તેઓના માંગણા નિવેદન તથા પુરાવામાં આ કામના પ્રથમ પક્ષકાર દવારા તેઓને છુટા કરેલ હોવાનો પુરાવો આપેલ છે પરંતું બંન્ને

પક્ષકાર પૈકી કોના દવારા તેઓને છુટા કરવામાં આવેલ તેની કોઈ સ્પસ્ટતા માંગણા નિવેદન તેમજ સોગંદનામા માં કરેલ નથી અને તેઓ દવારા પોતાના માંગણાના નિવેદનમાં આ કામના પ્રથમ પક્ષકાર નં.૨ રૂબામીનના અધિકારી દવારા તા.૦૧/૦૧/૧૫ ના રોજ મૌખીક હુકમથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવાની દાદ માંગેલ છે,આ કામના બીજા પક્ષકાર દવારા પોતાના માંગણા નિવેદનમાં જણાવેલ હકીકતો સીવાય તેઓને છુટા કરવામાં આવેલ તે સમયે તેઓ પ્રથમ પક્ષકારનં.૨ ની નોકરીમાં હોય તેઓને પગાર પ્રથમ પક્ષકારનં.૨ દવારા ચુકવવામાં આવતો હોય કે તેઓને છુટા પ્રથમ પક્ષકારનં.૨ દવારા કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરવા કોઈ આધારભુત દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જયારે આ કામના પ્રથમ પક્ષકારનં.૧ દવારા બીજા પક્ષકાર તેઓના કામદાર હોવાનો તેમજ બીજા પક્ષકાર દવારા તેઓને કંપની તથા પી.એફ.ઓફીસ તરફથી મળેલ સુચના મુજબ કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ કરવા માટે કામદારોને રૂબરૂ નોટીસ બોર્ડ ઉપર તેમજ તેઓના ઘરના સરનામા ઉપર જાણ કરેલ હોવા છતા તેઓ દવારા આવા દસ્તાવેજો રજુ નહી કરેલ નહી તેમજ આ બાબતે કામદારોના યુનીયનને જાણ કરવામાં આવેલ,તેઓની સાથે મીટીગ કરવામાં આવેલ તેમ છતા કામદારો કામ ઉપર આવેલ નહી અને આ રીતે બીજા પક્ષકાર જાતે જ નોકરીમાં આવતા બંધ થઈ ગયેલ હોવાનો બચાવ લીધેલ છે.આમ પ્રથમ પક્ષકાર નં.૧ દવારા બીજા પક્ષકારને કામદાર તરીકે સ્વીકારેલ છે તેમજ અગાઉ મુદાનં.૧ નો નિર્ણય તથા કારણો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર ના કામદાર હોવાનું પુરવાર થયેલ હોય તેમજ છુટા કરેલ હોવાની હકીકતનો આધાર કામદારને જયારે છુટા કરવામાં આવેલ તે સમયે તેઓ કોની નોકરીમાં હતા તેના ઉપર આધારીત હોય છે અને અગાઉ તેઓ કોની નોકરીમાં હતા તેના ઉપર હોતો નથી.વધુમાં આ મુદા બાબતે પ્રથમ પક્ષકારનં.૨ તરફે રજુ કરવામા આવેલ ઓથોરીટીઓ સાથે કોન્ટ્રાકટ લેબર(રેગ્યુલેશન એન્ડ એબોલીશન)એકટ-૧૯૭૦ની કલમ-૧ ૦ ની જોગવાઈ જોતા કોન્ટ્રાકટ પધ્ધતિ નાબુદ કરવાની બાબતનો નિર્ણય કરવાની માત્ર સતા સમુચીત સરકારને છે અને આ કામના પ્રથમ પક્ષકારનં.૨ દવારા આપેલ કોન્ટ્રાકટર નાબુદ કરવાનો કોઈ હુકમ સમુચીત સરકાર દવારા કરવામાં આવેલ નથી તેમજ રજુ કરેલ ઓથોરીટી મુજબ આ કામના બીજા પક્ષકાર દવારા તેઓને પગારની ચુકવણી આ કામના પ્રથમ પક્ષકાર નં.૨ કંપની કરતા હતા તે હકીકત પણ પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગોમાં પણ આ કામના બીજા પક્ષકાર કંપનીના કામદાર હોવાની હકીકત ગ્રાહય રાખી શકાય તેમ નથી જેથી એક વાર દલીલ ખાતર માની લેવામાં આવે કે બીજા પક્ષકાર પ્ર થમ પક્ષકારનં.૨ કંપનીમાં હતા બાદમાં તેઓને કોન્ટ્રાકટમાં લેવામાં આવેલ તો પણ છુટા કરતા સમયે તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટરની નોકરીમાં હોય તેમજ હાલના રેફરન્સના કામે મજુર

કમિશ્નરશ્રી દવારા બીજા પક્ષકાર પ્રથમ કોની નોકરીમાં હતા તે મુદાનો નિર્ણય કરવા માટે કોઈ અનુંસુચી મોકલવામાં આવેલ ના હોય આ હકીકતના પ્રશ્નનો નિર્ણય કરવાનો રહેતો નથી.

(૧૫.૧)આ કામના બીજા પક્ષકાર તેઓના કેસ મુજબ તેઓને છુટા કરવામાં આવેલ ત્યારે આ કામના પ્રથમ પક્ષકારનં.૧ ના કામદાર હોવાનું પુરવાર થયેલ છે જેથી હવે આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧ દવારા ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે નહી તે મુદાનો નિર્ણય કરવાનો રહે છે.આ બાબતે બીજા પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ પુરાવો જોતા બીજા પક્ષકાર દવારા પોતાના આંક–૧૨ ની જુબાનીમાં તેઓને પ્રથમ પક્ષકારનં.ર ના અધિકારી દવારા તા.૦૧/૦૧/૧૫ ના રોજ મૌખીક હુકમથી છુટા કરી દીધેલ હોવાનો પુરાવો આપેલ છે,આમ બીજા પક્ષકાર દવારા તેઓને પ્રથમ પક્ષકારનં.ર દવારા છુટા કરેલ હોવાનું જણાવેલ છે પરંતું અગાઉ કરેલ ચર્ચા તથા મુદાનં.૧ નો નિર્ણય ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકારનં.૧ ના કામદાર હોવાનું પુરવાર થયેલ છે તેવા સંજોગો માં બીજા પક્ષકાર તરફેનો આ પુરાવો જોતા તેઓને જો છુટા કરવામાં આવેલ હોય તો પણ પ્રથમ પક્ષકારનં.૧ દવારા કરવામાં આવેલ હોવાનું બની શકે પરંતું તેઓને પ્રથમ પક્ષકાર નં.ર દવારા છુટા કરવામાં આવેલ હોવાનું સંભવીત રીતે શકય બની શકે નહી,વધુમાં આ કામના બીજા પક્ષકારની સરતપાસ તથા ઉલટતપાસ ધ્યાને લેતા પણ તેઓની મુખ્ય તકરાર તેઓને છુટા કરેલ કે નહી તે જણાતી નથી પરંતું તેઓને આ કામના પ્રથમ પક્ષકાર નં.ર કંપનીના કામદાર ગણવામાં આવે તે જણાય છે જો કે આ કામના બીજા પક્ષકાર તથા તેઓની સાથેના અન્ય આવા જ કામદારો દવારા અત્રેની મજુર અદાલતમાં દાખલ કરેલ રેફરન્સ સીવાય પણ નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ વડોદરા ખાતે રેફરન્સ કેસ નં.૧૫૮/૧૫ થી દાખલ કરેલ હતો જે રેફરન્સ પણ તેઓ દવારા તા.૨૨/૦૬/૨૪ ના રોજ વિડ્રો પુરસીસ રજુ કરીને પરત ખેચી લીધેલ છે,આ કામના બીજા પક્ષકા દવારા તેઓને પ્રથમ પક્ષકારનં.ર કંપની દવારા છુટા કરેલ હોવાનું જણાવેલ છે પરંતું આ હકીકત તેઓ પુરવાર કરી શકેલ નથી અને આ કામના બીજા પક્ષકારને પ્ર થમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા છુટા કરવામાં આવેલ છે કે નહી તે નકકી કરવાનું રહે છે,બીજા પક્ષકાર દવારા તેઓને તા.૦૧/૦૧/૧૫ ના રોજ કંપનીમાં જવા દીધેલ નહી તેમ પુરાવો આપેલ છે જયારે આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા તેઓને કંપની તરફેથી નોટીસ આવતા તેઓએ દરેક કામદારોને કે.વાય.સી.ફોર્મ ભરવા જરૂરી નોટીસ બોર્ડ ઉપર લગાવેલ તેમ છતા કામદારો દવારા કે.વાય.સી.ના ફોર્મ નહી ભરવા બાબતે એકમત કરી હડતાલ પાડી કામ છોડી જતા રહેલ તેમજ તેઓને વારંવાર રૂબરૂમાં તથા તેઓના ઘરના સરનામા ઉપર પણ કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ કરી નોકરીમાં હાજર થઈ જવા જાણ કરવા છતા તેઓ હાજર નહી થઈને જાતે નોકરીનો ત્યાંગ કરેલ હોવાનો બચાવ લીધેલ છે,આમ બીજા પક્ષકાર દવારા તેઓને કંપનીમાં જવા નહી દીધેલ હોવાનો તેમજ પ્રથમ

પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા કામદારોએ જાતે નોકરીમાં આવતા બંધ થઈ ગયેલ હોવાનો કેસ રજુ કરેલ છે,આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા કામદારોને કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ કરવા માટે નોટીસ આપેલ હતી તેનો સ્વીકાર કરેલ છે જો કે તેઓ દવારા આવા દસ્તાવેજો અપવા ગયેલ પરંતું કંપનીમાં જવા દીધેલ નહી તેમ જણાવેલ છે.પરંતું અ કામના પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા રજુ કરેલ આંક-૨૨(એ) ના દસ્તાવેજો જોતા તથા પ્રથમ પક્ષકારનં.ર ધ્વારા રજુ કરેલ આંક-૨૩(એ) અને આંક-૨૪(એ) ના દસ્તાવેજો જોતા ના દસ્તાવેજો જોતા કોન્ટ્રાકટર દવારા કામદારોને વારંવાર નોટીસ દવારા જાણ કરેલ છે તેમજ કંપની દવારા પણ કોન્ટ્રાકટરોને નોટીસ આપેલ છે તેમજ પી.એફ.ઓફીસ તરફથી પણ જાણ કરવામાં આવેલ છે તેમજ કોન્ટ્રાકટર દવારા કામદારોના ઘરના સરનામે પણ નોટીસો મોકલાવેલ છે જેનો કામદારો દવારા સ્વીકાર કરેલ ના હોય વગર બજે પરત આવેલ હતી,આમ બીજા પક્ષકારને જાણ હોવા છતા તેઓ દવારા કામદારો દવારા તેઓની નોકરીની તારીખમાં ફેરફાર થતો હોય તેઓ દવારા કોઈ પણ દસ્તાવેજો આપેલ નહી તેમજ નોકરીમાં પણ હાજર થયેલ ના હોવાનું ફલીત થાય છે.આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા જણાવેલ મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવી રહેલ ના હતા તેમજ કામદાર તેઓના જણાવા છતા નોકરીમાં હાજર રહેતા ના હતા તો તેઓની સામે તેઓના હુકમનું પાલન નહી કરવા સબબ લાગું પડતા નિયમો કે સ ટેન્ડીગ ઓર્ડર હેઠળ તેઓએ ખાતાકીય કાર્યવાહી કરવી જોઈતી હતી કારણ કે, પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા આપવામાં આવેલ સુચના તથા હુકમનું પાલન કરવામાં આવી રહેલ ના હતું તેમ છતા તેઓ દવારા આમ કરવાની જગ્યાએ તા.૩૦/૧૨/૧૪ ના રોજની નોટીસ આપી જો કામદારો દવારા તા.૩૧/૧૨/૧૪ સુધી કે.વાય.સી.નું પાલન કરવામાં નહી આવે તો તા.૦૧/૦૧/૧૫ ના રોજથી ફરજમાં હાજર થવા દેવામાં આવશે નહી તેમ જાણ કરેલ હતી અને આ કામના બીજા પક્ષકાર દવારા આવા દસ્તાવેજો આપેલ નહી તેથી તેઓને ફરજમાં જવા દીધેલ નહી હોવાનું માની શકાય તેમ છે,જો કે,આ પરીસ્થીતી બંન્ને પક્ષકારો તરફે ટાળી શકાયેલ હોત પરંતું બીજા પક્ષકાર દવારા તેઓની નોકરીની તારીખ અંગેનો રેફરન્સ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં ચાલતો હતો તેમાં તે તકરાર નો નિર્ણય આવવાનો હતો તેની રાહ જોયા વગર તેઓ દવારા જાતે જ આ તકરારનો નિર્ણય કરીને કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ નહી કરવાનો હઠાઆગ્રહ કરીને નોકરીમાં ગયેલ નથી જેથી પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા પણ કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ કરેલ ના હોય તેઓને ફરજમાં જતા અટકાવામાં આવેલ છે.આ કામના બીજા પક્ષકાર દવારા તેઓને છુટા કરેલ હોય તેમજ જો પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર ના કેસ મુજબ તેઓ દવારા ગેરવર્તણુક કરેલ હોય કે તેઓના હુકમનું પાલન નહી કરીને ફરજમાં હાજર થયેલ નહી કે દસ્તાવેજો રજુ કરેલ નહી તો તેઓની સામે આ બાબતે ખાતાકીય કાર્યવાહી કરવી જોઈતી હતી તેની

જગ્યાએ તેઓ દવારા નોટીસ આપીને તેઓને ફરજમાં જતા અટકાવીને ગેરકાયદેરસ રીતે બચાવની તક આપ્યા વગર છુટા કરી દીધેલ છે અને તેઓ દવારા આવા કીસ્સામાં કામદાર સામે ખાતાકીય તપાસ કરીને જ છુટા કરી શકાય તે સીવાય નહી તેમ દલીલ કરેલ છે,જયારે પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર પોતાની દલીલમાં કામદારો એ જાતે નોકરીમાં આવેલ નહી હોવાની હકીકત જણાવેલ છે તેમજ આવા કીસ્સામાં ખાતાકીય તપાસ કરવાની જરૂરીયાત ના હોવાની દલીલ કરેલ છે તેમજ તેઓની આ દલીલના સમર્થનમાં ઓથોરીટીઓ રજુ કરેલ છે,બીજા પક્ષકાર દવારા આવા કીસ્સામાં ખાતાકીય તપાસ કરવી જરૂરી હોવા બાબતે કોઈ ઓથોરીટી રજુ કરેલ નથી જયારે પ્રથમ પક્ષકાર નં.૧ દવારા રજુ કરવામાં આવેલ ઓથોરીટી જોતા તેમા જયારે કામદારને કોઈ સજા કરવાની ના હોય તેવા સંજોગોમાં તેઓની સામે ખાતાકીય તપાસ કરવાની જરૂરીયાત નથી તેમજ જો સંસ્થા નોકરીમાં હાજર નહી થવાને મીસકન્ડકટર ગણતા ના હોય તો તેવા સંજોગોમાં પણ ખાતાકીય તપાસ કરવાની જરૂરીયાત નથી તેમ જણાવેલ છે જયારે હાલના કેસમાં તો પ્રથમ પક્ષકાર દવારા કામદારો ને કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરેલ હોવા છતા તેઓ રજુ ના કરતા હોય તેઓને ફરજમાં હાજર થતા અટકાવામાં આવેલ છે તેમજ બાદમાં કામદારો બીજે નોકરીમાં લાગી ગયેલ હોવાનો કોઈ બચાવ પ્રથમ પક્ષકારનં.૧ નો નથી,જો કે બાદમાં પણ તેઓને ફરજમાં હાજર થવા માટે વારંવાર જાણ કરવામાં આવેલ છે તેમ છતા તેઓ હાજર થયેલ નથી બાદમાં કેસ ચાલતા દરમ્યાન તેઓ પ્રથમ પક્ષકારનં.૧ ના કોન્ટ્રાકટમાં હાજર થવા ગયેલ ત્યારે પણ તેઓને જગ્યા ના હોવાનું લેખીતમાં જણાવેલ હતું જે હકીકતને આધારે બીજા પક્ષકારનો નોકરીમાં હાજર થવાનો તેમજ પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટરનો આ કામના બીજા પક્ષકારને નોકરીમાં નહી રાખવાનો ઈરાદો રેકર્ડ ઉપર આવેલ છે તેમજ આ કામના પ્રથમ પક્ષકારનં.૧ દવારા બીજા પક્ષકાર કામદાર ને નોકરીમા આવતા અટકાવા જેવી એક જાતની સજા જ કરેલ છે તેમ છતા તેઓની સામે કોઈ ખાતાકીય તપાસ કરેલ ના હોય બીજા પક્ષકાર તરફેની દલીલ કે તેઓની સામે ખાતાકીય તપાસ કર્યા વગર તેઓને નોકરીમાં જતા અટકાવીને છુટા કરેલ હોવાની દલીલ ગ્રાહય રાખવાપાત્ર જણાય છે.વધુમાં આવી રીતે કામ કરતા કામદારોને સ્વાભાવીક રીતેજ ઘરનું ગુજરાન ચલાવવા માટે તેઓને કામ કરવાની અને કમાવાની અનિવાર્ય જરૂરીયાત હોય છે તેમ છતા પણ પોતાની જાતે જ નોકરીમાં જવાનું છોડી દે તે હકીકત પણ માનવા લાયક જણાતી નથી આમ ઉપરોકત આ તમામ બાબતો ઘ્યાને લેતા આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા બીજા પક્ષકાર ને તેઓએ જાણ કરવા છતા કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ નહી કરેલ હોય તેવા કારણોસર નોકરીમાં હાજર નહી થવા દઈને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું પુરવાર થતુ હોય મુદાનં.૨ નો નિર્ણય આ કામના પ્રથમ પક્ષકારનં.૧ પુરતો અંશત:હકારમાં આપવામાં આવે છે.

(૧૬)મુદ્દા નંબર.૩ ::–

ઉપરોકત મુદાનં.૧ મુજબ આ કામના બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટરના કામદાર હોવાનું તેમજ મુદાનં.૨ મુજબ બીજા પક્ષકારને આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા છુટા કરેલ હોવાનું પુરવાર થયેલ છે તેમજ આવી રીતે છુટા કરતા પહેલા તેઓની સામે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી તેમજ પ્રથમ પક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર દવારા ઔધોગીક વિવાદ ધારાની કલમ–૨૫(એફ)નું પાલન કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોય પરંતું સાથે જ આવી રીતે છુટા કરવામાં બીજા પક્ષકાર દવારા કે.વાય.સી.ના દસ્તાવેજો વારંવાર જાણ કરવા છતા નહી રજુ કરીને આવી પરીસ્થીતી ઉપસ્થીત કરવાનો પોતાનો ફાળો પણ નજર અંદાજ કરી શકાય તેમ નથી જેથી આ સંજોગો ધ્યાને લેતા બીજા પક્ષકાર નોકરીમાં પુન:સ્થાપીત થવા હકદાર થાય છે કે નહી તે નકકી કરવાનું રહે છે.આ કામના બીજા પક્ષકાર દવારા પોતાની મજુર કમિશ્નરશ્રી સમક્ષની ફરીયાદમાં પોતાની ઉમર.૩૯ વર્ષની જણાવેલ છે તેમજ બીજા પક્ષકાર દવારા રજુ કરેલ ઓળખકાર્ડની નકલમાં તેઓની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ જણાવેલ છે જેથી હાલમાં તેઓની ઉમર જેથી હાલમાં તેઓની ઉમર ૫૦ વર્ષની આસપાસ હોવાનું માની શકાય તેમ છે જેથી તેઓની નોકરીમાં હજુ આશરે ઘણો સમય બાકી રહે છે,વધુમાં આ બાબતેની કાયદાકીય પરીસ્થીતી ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર જે કામ કરતા હતા તે પ્રથમ પક્ષકારનં.૧ સંસ્થા અથવા તો કામગીરી બંધ થઈ ગયેલ હોય તેવો સામાવાળાનો કેસ નથી કે તેવા કોઈ પુરાવા નથી તેમજ બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ચાલું હોવાનો અને તેમા બીજા કામદારો કામ કરતા હોવાનો પુરાવો આપેલ છે એટલે કે પ્રથમ પક્ષકારનં.૧ સંસ્થા તથા બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી આજે પણ ચાલુ જ છે,વધુમાં બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકારનં.૧ સંસ્થાના સંબધો વણસેલા હોય અને તેના કારણે નોકરીમાં પુન:સ્થાપિત કરવા યોગ્ય ન હોય તેવો પણ કેઈસ નથી તેમજ પ્રથમ પક્ષકારનં.૧ સંસ્થાનો બીજા પક્ષકાર ઉપરથી વિશ્વાસ ઉઠી ગયેલ હોવાનો પણ પ્રથમ પક્ષકારનં.૧ નો કેઈસ નથી કે તેવા કોઈ પુરાવા નથી અને આ કામના પ્રથમ પક્ષકારનં.૧ ના સોહદ દવારા પણ પોતાની ઉલટતપાસમાં કામદારો કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ કરી કામ ઉપર આવવા તૈયાર હોય તો તેઓ કામ ઉપર રાખવા તૈયાર હોવાનો સ્વીકાર કરેલ છે,જો કે,પ્રથમ પક્ષકારનં.૨ ના સોહદની ઉલટતપાસમાં આ કેસ સાથેના અન્ય કેસો સહીત ના કેસોમાં કુલ ત્રણ કોન્ટ્રાકટરો પૈકી બે કોન્ટ્રાકટર બંધ થઈ ગયેલ હોવાનો સ્વીકાર કરેલ છે પરંતું આ કામના પ્રથમ પક્ષકારનં.૧ કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ બંધ થઈ ગયલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી,આ સંજોગોમાં આ કાકણોસર બીજા પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપિત ન કરવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતુ નથી તેથી આ કામના બીજા પક્ષકાર નોકરીમાં

પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે પરંતું આ કામના બીજા પક્ષકાર દવારા પણ પ્રથમ પક્ષકારનં.૧ દવારા તેઓને વારંવાર લેખીતમાં જણા કરવા છતા તેઓ કે.વાય.સી.ના દસ્તાવેજો આપેલ નથી જેના કારણે હાલનો વિવાદ ઉપસ્થીત થયેલ છે જેથી આ વિવાદ ઉપસ્થીત કરવામાં આ કામના બીજા પક્ષકારનો પણ ફાળો જણાય આવે છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારને કે.વાય.સી.ના દસ્તાવેજો આપેલ ના હોય પ્રથમ પક્ષકાર નં.૧ દવારા તેઓને ફરજમાં હાજર થવા નહી દીધેલ હોય તેમજ આવા કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ કરવા અનિવાર્ય હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે જેથી આવા દસ્તાવેજો નહી રજુ કરવાની કસુરના કારણે બીજા પક્ષકાર નોકરીમાંથી દુર થયેલ હોય અને હાલનો ઔધોગીક વિવાદ ઉપસ્થીત થયેલ હોય તેના માટે પ્રથમ પક્ષકારનં.૧ જેટલા જ બીજા પક્ષકાર પણ જવાબદાર હોય તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપીત કરતા સમયે તેઓની નોકરી ની સળંગતા ગણવાનો હુકમ કરવાનું ન્યાયોચીત જણાતુ નથી.હવે બીજા પક્ષકાર પડેલા દિવસોનો પગાર મેળવવા હકદાર થાય છે કે કેમ તે નકકી કરવાનું રહે છે,સામાન્ય સંજોગોમાં પડેલા દિવસોનો પગાર નકકી કરવા માટેના કોઈ નિયમો કે સિધ્ધાંતો નકકી કરવામાં આવેલ નથી અ બાબત દરેક કેસની હકીકતો અને રજુ થયેલ પુરાવા ઉપર આધાર રાખે છે અને આવા કેસમાં બીજા પક્ષકાર આ સમય દરમ્યાન બેકાર રહેલ છે તે સાબિત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે,પડેલા દિવસોના પગાર એ કોઈ નેચરલ કોન્સીકવન્સીસ નથી,કોઈપણ કામદાર છુટાં થયા બાદ બેકાર રહેલ છે તે સાબિત કરવાની જવાબદારી જે તે કામદારની છે.વધુમાં પડેલા દિવસોના પગાર અંગે નિર્ણય કરતી વખતે અદાલતે કામદારે કામ શોધવા કરેલ પ્રયત્નો,કામદારની લાયકાત,કામ મળવાની શકયતાઓ, નોકરીનો સમયગાળો તેમજ સંસ્થાની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ વિવેક બુધ્ધિપુર્વક નિર્ણય કરવાનો રહે છે.આ કામે બીજા પક્ષકારે અન્ય જગ્યાએ નોકરી શોધવા પ્રયત્ન કરેલ હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી તેવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર પડેલા દિવસોનો પગાર મેળવવા હકદાર થતા હોવાનું ફલીત થતુ નથી,જો કે આ કામે કેસ ચાલતા દરમ્યાન બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ પાસે કામ મેળવવા ગયેલ હતા પરંતું પ્રથમ પક્ષકાર નં.૧ પાસે કામ ના હોય તેઓને નોકરીમાં રાખવાનો ઈન્કાર કરેલ હોવાનું પ્રથમ પક્ષકારનં.૧ ના સાહેદની ઉલટતપાસ તથા બીજા પક્ષકાર તરફે રજુ કરેલ દસ્તાવેજ દવારા રેકર્ડ ઉપર આવેલ છે પરંતું આ સીવાય અગાઉ બીજા પક્ષકાર દવારા બીજી કોઈ જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી જે સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર પડેલા દિવસોનો પગાર મેળવવા હકદાર થતા નથી.વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર તરફે રજુ કરેલ ઓથોરીટીઓ બીજા પક્ષકાર દવારા નોકરીનો ત્યાગ કરેલ હોવાની તથા પડેલા દિવસોના પગાર અંગેની રજુ કરેલ છે પરંતું અગાઉ મુદાન.ર માં જણાવેલ કારણોસર આ કામના બીજા પક્ષકારને પ્રથમ

પક્ષકારનં.૧ દવારા કે.વાય.સી.ના દસ્તાવેજો રજુ નહી કરેલ હોય તેવા કારણોસર નોકરીમાં હાજર નહી થવા દઈને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું પુરવાર થયેલ હોય તેમજ પ્રથમ પક્ષકાર નં.૧ દવારા તેઓને કેસ ચાલતા દરમ્યાન પણ કામ નહી હોવાના કારણોસર નોકરીમાં રાખવાનો ઈન્કાર કરેલ છે જેથી તેઓ દવારા રજુ કરવામાં આવેલ ઓથોરીટીઓ તેઓને નોકરીનો ત્યાગ કરેલ હોવાના મુદા બાબતે મદદરૂપ થઈ શકે તેમ નથી પરંતું રજુ કરેલ ઓથોરીટીઓ જોતા બીજા પક્ષકાર દવારા તેઓને બીજી જગ્યાએ નોકરી મેળવવાનો પ્રયત્ન કરેલ હોય તેવો પુરાવો રજુ કરેલ ના હોય બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર અંગે મદદરૂપ થાય છે.આમ ઉપરોકત તમામ કારણોસર આ કામના બીજા પક્ષકાર નોકરીની સળંગતા સીવાય તેમજ પડેલા દિવસોના પગાર મેળવ્યા સીવાય પ્રથમ પક્ષકારનં.૧ કોન્ટ્રાકટરમાં નોકરીમાં પુન:સ્થાપીત થવા હકદાર થતા હોવાનું પુરવાર થતુ હોય ન્યાયના હિતમાં મુદાનં.૩ નો નિર્ણય પ્રથમ પક્ષકારનં.૧ પુરતો અંશત:હકારમાં આપવામાં આવે છે.

(૧૭)મુદ્દા નંબર.૪ ::-

ઉપરોકત મુદાનં.૧ થી ૩ ના નિર્ણયો તથા કારણો ધ્યાને લેતા મુદાનં.૪ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ પ્રથમ પક્ષકારનં.૧ પુરતો અંશત:મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે અને પ્રથમ પક્ષકાર નં.૨ પુરતો નામંજુર કરવામાં આવે છે

(૨) આ કામના પ્રથમ પક્ષકારનં.૧ નું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારનં.૧ નાએ બીજા પક્ષકારને નોકરીની સળંગતા સીવાય તેમની મુળ જગ્યાએ વિકલ્પે અન્ય બીજી જગ્યાએ તેઓનો કોન્ટ્રાકટ ચાલતો હોય ત્યાં કોઈ પણ જાતના પડેલ દિવસોના પગાર તથા આનુંષાંગિક લાભ સિવાય પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકારનં.૧ માં પુન:સ્થાપીત થતા સમયે પી.એફ.ઓફીસ તરફથી કરવાની થતી કે.વાય.સી અંગેની કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે,આવી કે.વાય.સી અંગેની કાર્યવાહી પુર્ણ કર્યા સીવાય બીજા પક્ષકાર પુન:સ્થાપીત થવા હકદાર થશે નહી.

(૫) બીજા પક્ષકાર દવારા કે.વાય.સી.ની કાર્યવાહી પુર્ણ કરવામાં ના આવે તેવા કારણોસર તેઓને પ્રથમ પક્ષકારનં.૧ દવારા નોકરીમાં પુન:સ્થાપીત ના કરવામા આવે તો તેને એવોર્ડનો ભંગ ગણવામાં આવશે નહી.

(૬) બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ પક્ષકાર નં.૨ પુરતો નામંજુર કરવામાં આવેલ હોય બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકારનં.૨ ની કંપનીમાં પ્રથમ પક્ષકારનં.૧ ના કોન્ટ્રાકટમાં પુન:સ્થાપીત થવાનો આગ્રહ રાખી શકશે નહી.

(૭) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

(૯) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯૪૭ના નિયમ.૩૨ ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૦૭/૧૧/૨૦૨૪**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**